### આઈસીઆઈસીઆઈ બેંક-ગુગલ-પે મારફત

# ઠગ શખ્સ દ્વારા ૨૬ લાખ અપ્રમાણીત રીતે ટ્રાન્સફર

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૧૬ સ્થિત આઈસીઆઈસીઆઈ બેંક-ગુગલ પે ઓનલાઈન પેમેન્ટ ટ્રાન્સફર સિસ્ટમની સમસ્યા (બગ) હોવા છતા માસ્ટર માઈન્ડ ઠગ શખ્સોએ રૂ.૨૬ લાખ પોતાના ખાતામાં અપ્રમાણીક રીતે ટ્રાન્સફર કરી લેતા બેંકના મેનેજરે સેકટર-૨૧ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે.

શહેરના સેકટર-૧૬ ખાતે આવેલી આઈસીઆઈસીઆઈ બેંકના બ્રાંચ મેનેજર રોહન સંતિષચંદ્ર શાહે નોંધાવેલ ફરીયાદ પ્રમાણે ગુગલ-પે (ગુગલ ઈન્ડીયા ડીજીટલ સર્વિસીસ પ્રા. લિમિટેડ) દ્વારા મર્ચન્ટ એકવારીંગ અને પેમેન્ટ એગ્રીગેશનનું કામકાજ કરવામાં આવે છે. આઈસીઆઈસીઆઈ બેંક આર.બી.આઈ. પ્રમાણીત રેગ્યુલેટેડ અને એન.ટી.ટી. છે. જયારે એનપીસીઆઈ દ્વારા યુપીઆઈ ઈકો સિસ્ટમમાં એક પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર છે. ગુગલ-પે આઈસીઆઈસીઆઈ બેંકનું ટાઈઅપ થયું છે. જેથી આઈસીઆઈસીઆઈ બેંક અને ગુગલ પે દ્વારા મર્ચન્ટને વીપીએ (વચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ) આપવામાં આવે છે. જેમાં જે તે મર્ચન્ટને વેરીફાય કરવાનું અને ઓનબોર્ડ કરવાનું કામ ગુગલ પે દ્વારા કરવામાં આવે છે.મર્ચન્ટ દ્વારા ગુગલ પે થી કરવામાં આવતા વ્યવહારોનુ પેમેન્ટ તાત્કાલીક ધોરણે ગુગલ પે દ્વારા કરવામાં આવે છે. એનપીસીઆઈના નક્કી કરેલા સમયે તે વ્યવહારો બેંક વચ્ચે સેટલમેન્ટ થતા હોય છે.જયારે ગુગલ પે કે અન્ય કોઈ એપ્લીકેશન દ્વારા ક્યુઆર કોડ સ્કેન કરવામાં આવે છે. ત્યારે પેમેન્ટ કરનાર અને રીસીવ કરનારની માહિતી એનપીસીઆઈને જશે. તેઓ દ્વારા માહિતી આગળ વેરીફાય કરાવી અને વ્યવહાર પૂર્ણ કરવામાં આવતો હોય છે. ગત તા.૧૬-૧-૨૩ ના રોજ આઈસીઆઈસીઆઈ બેંકના જુદા-જુદા અધિકારીના મેઈલ આઈડી ઉપર ગુગલ પે (ગુગલ ઈન્ડીયા ડીજીટલ સર્વિસિસ પ્રા.લિમિટેડ) ના મેઈલ આઈડી પરથી મેઈલ કરી જાણ કરવામાં આવી હતી. તેઓએ કરેલા અમુક મર્ચન્ટના પેમેન્ટ ગુગલ પેના ખાતામાં ક્રેડીટ થયા નથી. જેથી આઈસીઆઈસીઆઈ બેંકની સેન્ટ્રલ યુપીઆઈ ટીમ (મુંબઈ૦ તેમજ ગુગલ પે દ્વારા મર્ચન્ટ એકાઉન્ટના વ્યવહારો ચેક કરવામાં આવ્યા હતા. સિસ્ટમની ટેકનીકલ ખામી (બગ)ને કારણે અમુક ગુગલ પેના મર્ચન્ટ જે તે બીજા પીએસપી એપથી પેમેન્ટ કરી રહેલા હતા. તે પેમેન્ટ ફેઈલ હોય તો પણ ગુગલ-પેના મર્ચન્ટ એપ્લીકેશનમાં વ્યુ ઓલ પેમેન્ટ ઓપ્શન ઉપયોગ કરી તાત્કાલીક ટ્રાન્જેકશન ચેક કરતા હતા. તે સમયે ટ્રાન્જેકશન સકસેસ બતાવતું હતું. આમ ગુગલ પે દ્વારા મર્ચન્ટને પેમેન્ટ કરી દેવામાં આવતું હતું. જેથી અમુક મર્ચન્ટ આ ટેકનીકલ ખામી (બગ)ને જાણતા હોવા છતા ગત તા.૧૬ જાન્યુઆરી ૨૩ ના રોજ જુદા જુદા ટ્રાન્જેકશન મારફતે બેંક ઓફ બરોડાના એકાઉન્ટમાં કુલ રૂ.૨૬ લાખ અપ્રમાણીક રીતે આઈસીઆઈસીઆઈ બેંક તેમજ ગુગલ પેના મેળવી લીધા હોવાનું સામે આવ્યું હતું. આ સમગ્ર મુદ્દે બેંક મેનેજર રોહન સતિષચંદ્ર શાહે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.



ભારતીય જનતા પક્ષ દ્વારા રાજસ્થાનમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે ગુજરાતના વિવિધ ધારાસભ્યોને રાજસ્થાનની જુદી જુદી વિધાનસભા બેઠકો માટે જવાબદારી સોંપી છે. અજમેર જિલ્લાની પુષ્કર વિધાનસભા માટેની જવાબદારી ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલને સોંપવામાં આવી છે. તે કામગીરીના ભાગરૂપે રાજસ્થાનમાં યોજાયેલ બેઠકમાં શ્રીમતી રીટાબેન પટેલે હાજરી આપી હતી.

# ઈન્દ્રોડા ગામમાં પાણીની નમુનારૂપ વ્યવસ્થા ઉભી કરાશે

**નવી લાઇન પણ નાંખવામાં આવશે : ગામ ફરતે પાણીની મુખ્ય નવી લાઇન નાંખવામાં આવશે : ગામમાં પણ લાઇનના નવા જોડાણ અપાશે : ઇન્દ્રોડાની ટોપોગ્રાફી અટપટી હોવાના લીધે કામ કરવાનુ મુશ્કેલ : ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે આ મામલે અગાઉ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર શહેરની જેમ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ પુરતા સમય અને દબાણ સાથે પાણી મળી રહે તે દિશામાં આયોજન કરવામાં આવી રહ્યુ છે. અલબત્ત શહેરી ગામોમાં પણ ૨૪ કલાક પાણીનો સપ્લાય મળે તે માટે નજીકના ઈન્દ્રોડા ગામની સેમ્પલ પ્રોજેકટ તરીકે પસંદગી કરવામાં આવી છે. ઈન્દ્રોડા ગામમાં સાડા ચાર દાયકા જુની પાણીની લાઈન બદલવામાં આવશે ગામ ફરતે મુખ્ય લાઈન તેમજ ગામમાં આંતરિક લાઈનનુ નવુ નેટવર્ક ઉભુ કરવામાં આવશે અલબત્ત અંદાજિત ૧૦ કી મી જેટલા વિસ્તારમાં નવી લાઈન પાથરવામાં આવશે આ પ્રોજેકટને ટુંકમાં જ મંજરી અપાયા બાદ આગળ કાર્યવાહી હાથ ધરાશે હવે આ અન્વયે નકશા સહીતની વિગતો અને પ્લાન તૈયાર કરવા માટે કન્સટલ્ટીંગ એજન્સીને કામ સોંપાશે.

ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જેના અન્વયે આગામી દિવસોમાં સેકટરોમાં ત્રીજા માળ સુધી પાણીનો સપ્લાય મળી રહે તે દિશામાં આયોજન કરવામાં આવી રહ્યુ છે. આવા સંજોગોમાં શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ સ્માર્ટ સીટીની જેમ માળખાગત સુવિધાઓને અપગ્રેડ કરવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરી વિસ્તારના ગામોમાં વર્ષોના અંતે પણ જરૂરી માળખાકીય સુવિધાઓ પર્યાપ્ત ન હોવાનો રોષ પણ સમયાંતરે ઉઠતો રહ્યો છે. જયારે આ મામલે અનેકવાર રજુઆતો પણ થતી રહી છે. આ વિસ્તારમાં વસતી વધી છે. જયારે પર પ્રાંતિયોનો પણ વસવાટ જોવા મળે છે. શહેરી વિસ્તારના ગામોમાં રહીશોને યોગ્ય સુવિધાઓ અને વિકાસને અનુલક્ષી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે પણ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી. જયારે આ રજુઆતના અનુસંધાને જરૂરી નિર્ણયો પણ લેવાયા છે. શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવા માટે તંત્ર હરકતમાં

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટર-૨૧માં નવ નિર્મિત જાહેર શૌચાલય હવે લોકઉપયોગી બનશે

**વેપારીઓ અને મુલાકાતીઓને શોચક્રિયા માટે દૂર જવું નહિ પડે**




ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકા હસ્તકનાં સેક્ટર-૨૧, શાક માર્કેટ ખાતેનાં જાહેર શૌચાલયને કલ્પતરુ ફાઉન્ડેશન, મુંબઈનાં સહયોગથી સી. એસ. આર. અંતર્ગત નવનિર્માણ કરવામાં આવ્યુ છે. નવા શૌચાલયનું આજે મેયરના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાનાં ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, મ્યુનિસિપલ કમિશ્નર અને નાયબ મ્યુનિસિપલ કમિશ્નર તેમજ કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

સે ૨૧માં આ શોચલાયનું કામ હાથ ધરવામાં આવ્યા બાદ ટોઈલેટ બ્લોક લાંબા સમયથી તૈયાર થઈ ગયો હતો આખરે આજે ગાંધીનગરના મેયર હિતેશ મકવાણાએ નવા શૌચાલયને ખુલ્લું મૂક્યું હતું. આ સાર્વજનિક શૌચાલય સંકુલની નિભાવણી અને જાળવણી સુલભ ઈન્ટરનેશનલ સ્કુલ ઓફ એક્શન સોશ્યોલોજી એન્ડ સોશ્યોલોજી ઓફ સેનિટેશન દ્વારા પે એન્ડ યુઝનાં ધોરણે કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# કુડાસણ-રાયસણ-સરગાસણમાં ૧૧૦ કરોડના ખર્ચે ત્રણ મોડેલ રોડ બનાવાશે

**મોડેલ રોડ અન્વયે સાયકલ ટ્રેક, વોક વે, પાર્કીંગ સહીતની સુવિધાઓ ઉપલબ્ધ કરાશે : એચ સી પી કંપનીને નવી સ્ટ્રીટ ડેવલપમેન્ટ ડિઝાઇન તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવી છે : મેયર અને કમિશ્નર સહીતના અધિકારીઓ સમક્ષ કંપનીએ પ્રેઝન્ટેશન પણ રજુ કર્યુ : બેઠક દરમિયાન ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારમાં પણ મોડેલ રોડ બનાવવા માટે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને સુચન કર્યુ**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ન્યુ ગાંધીનગરના સરગાસણ, કુડાસણ અને રાયસણ વિસ્તારમાં રૂ ૧૧૦ કરોડના ખર્ચે ત્રણ નવા મોડેલ રોડ બનાવાની યોજના હાથ ધરવામાં આવશે મોડેલ રોડની યોજના અન્વયે વોક વે, સાયકલ ટ્રેક, પાર્કીંગ સહીતની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. જયારે આ અન્વયે ડિઝાઈ તૈયાર કરવાની જવાબદારી પણ એચ સી પી કંપનીને સોંપવામાં આવી છે. આ કંપનીએ અગાઉ સ્વર્ણિમ પાર્ક તેમજ સંસદની પણ ડિઝાઈન તૈયાર કરી હતી. આ યોજના સંદર્ભે એક બેઠક પણ યોજવામાં આવી હતી જેમાં પ્રેઝન્ટેશનના અંતે વિવિધ સુચનો પણ કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર શહેરનો વિકાસ સ્માર્ટ સીટી તરીકે કરવામાં આવી રહ્યો છે. ત્યારે શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના એપ્રોચ માર્ગોનુ પણ નવિનીકરણ કરવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. પાણી ગટરની લાઈનની કામગીરી બાદ સેકટરોના આંતરિક રોડ નેટવર્કનુ પણ રીસરફેસીંગ હાથ ધરવામાં આવશે જયારે સેકટરોના એપ્રોચ માર્ગો પર ટ્રાફિકની અવરજવરને અનુલક્ષી એપ્રોચને પણ ફોરટ્રેક કરવામાં આવી રહ્યા છે. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં પણ માર્ગ વાઇડનીંગ સહીત ઓવરબ્રિજ તૈયાર કરવા માટેની યોજના સંદર્ભે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યો છે. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં પણ રોડ એન્જિયરીંગમાં બદલાવ આવી રહ્યો છે. કોર્પોરેશને પણ હવે મોડેલ રોડ તૈયાર કરવાની યોજના તરફ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જેમાં વિકાસની હરણફાળ ભરતા કુડાસણ, સરગાસણ, તેમજ રાયસણમાં ત્રણ મોડેલ રોડ તૈયાર કરવામાં આવશે જયારે આ કાર્યયોજના અન્વયે રૂ ૧૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. મોડેલ રોડની યોજના અન્વયે પાર્કીંગ તેમજ વોક વે સહીતની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે. જયારે મોડેલ રોડની ડિઝાઈન મામલે પણ સંબંધિત એજન્સી તેમજ કોર્પોરેશનના અધિકારીઓની બેઠક યોજવામાં આવી હતી આ બેઠક દરમિયાન વિવિધ સુઝાવો પણ રજુ કરાયા હતા. સ્માર્ટ સીટી તરીકે ઉભરતા નગરની આસપાસના વિસ્તારમાં પણ વિકાસના અનેકવિધ કામો ધમધમી રહ્યા છે જેમાં માળખાગત સુવિધાઓની સાથે રોડનેટવર્કને પણ નવી ડિઝાઈન મુજબ તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. નવા ગાંધીનગરમાં નવી સ્ટ્રીટ ડિઝાઈન કરવા માટેની જવાબદારી પણ એચ સી પી કંપનીને સોંપવામાં આવી છે. આ કંપનીએ અગાઉ પણ મહત્વના પ્રોજેકટનુ કામ પુર્ણ કર્યુ

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોમાં હજુ બે થી ત્રણ દિવસના અંતે ફોર્સથી પાણી આવશે

**ચરેડી ખાતે લાઇનના વાલ્વમાં ખામી સર્જાતા સમસ્યા ઉદભવી હતી જો કે રીપેરીંગ પુર્ણ થતા હજુ બે થી ત્રણ દિવસનો સમય લાગશે**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે સેકટરોમાં હાલ વારંવાર નવી લાઈન નાંખવા જતા હયાત લાઈનમાં પણ ભંગાણ થવાની સમસ્યા તંત્ર માટે શિરદર્દ સમાન બની છે. ત્યારે ચરેડી અને સરિતા વોટર વર્કસ ખાતે પણ વારંવાર એક યા બીજા કારણોસર ટેકનિકલ ખામી સર્જાતા પાણી પુરવઠો પ્રભાવિત થાય છે. અગાઉ શહેરના નવા સેકટરોમાં પણ ટ્રાન્સફર્મરની ખામીના લીધે સપ્લાય આપી શકાયો ન હતો જયારે હાલ નભોઈથી આવતી લાઈનમાં ચરેડી ખાતે વાલ્વની ખામી સર્જાતા છેલ્લા બે દિવસથી જુના સેકટરોમાં પાણી પુરવઠો ફોર્સથી આપી શકાતો નથી. સુત્રોના જણાંવ્યા મુજબ વાલ્વનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. પરંતુ હજુ બે થી ત્રણ દિવસ પાણીનો સપ્લાય પુરતા ફોર્સથી આપી શકાશે નહી.

ગાંધીનગર શહેરમાં આ વર્ષે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ પાણીની સમસ્યાથી નગરજનો તોબો પોકારી ગયા હતા. વારંવાર સર્જાતી ટેકનિકલ ખામીના લીધે પાણી પુરતા ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. અગાઉ સરિત વોટર વર્કસમાં પણ ખામી સર્જાતા સેકટરોમાં પાણીનો પ્રશ્ન ઉઠયો હતો. જયારે હાલ ગાંધીનગર ચરેડી વોટર વર્કસના વાલ્વમાં ખામી સર્જાતા છેલ્લા બે ત્રણ દિવસથી શહેરના જુના સેકટરોમાં પાણીનો ફાર્સ ઘટી ગયો છે. અલબત્ત પ્રતિદિન સપ્લાય થતા પુરવઠામાં ૮ થી ૧૦ એમ એલ ડીનો કાપ આવતા સેકટરવાસીઓ પાણીની પોકાર ઉઠાવી રહ્યા છે. સેકટરોમાં સવાર પડતા જ પાણીની બુમરાણ ઉઠે છે. ગૃહીણીઓ પણ પાણીની પણોજણથી પરેશાન છે. શહેરના નવા અને જુના સેકટરોમાં વારંવાર પાણીના સપ્લાયમાં ટેકનિકલ ખામી સર્જાતી હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. એકબાજુ નવી લાઈન નાંખવાની સાથે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે યોજનાનુ કામ પ્રગતિ હેઠળ છે પરંતુ હાલ સેકટરવાસીઓ પાણીની સમસ્યાથી પ્રભાવિત છે. જુના સે- ૧૪ થી ૩૦ માં હજુ બે થી ત્રણ દિવસ પાણી પુરવઠો પ્રભાવિત રહેશે અલબત્ત ફોર્સથી પાણી આપી શકાશે નહીં. નભોઈથી આવતી મુખ્ય લાઈનમાં ચરેડી ખાતે વાલ્વમાં ખામી સર્જાતા છેલ્લા બે દિવસથી પાણીની સમસ્યા ઉભી થઈ છે. જયારે હાલ આ અન્વયે રીપેરીંગ કામ ચાલી રહ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ નભોઈ પમ્પીંગ સ્ટેશનથી ચરેડી વોટર વર્કસપર આવતી પાણીની મુખ્ય લાઈન જે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં જાય છે. જેના વાલ્વમાં ખામી સર્જાઇ હોવાના લીધે તેનુ સમારકામ પણ શરૂ કરી દેવાયુ છે. જો કે આ કામગીર પુર્ણ થતા હજુ બે થી ત્રણ દિવસ જેટલો સમય લાગશે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા આ વાલ્વનુ રીપેરીંગ કામ પુર્ણ કરાયા બાદ જ રાબેતા મુજબ સપ્લાય આપી શકાશે. જો કે આ સ્થિતિ વચ્ચે છેલ્લા બે ત્રણ દિવસથી સે- ૧૪ થી ૩૦ અને આદિવાડા , ફતેપુરા, બોરીજ સહીતના ગામમાં પણ પાણી પુરતા ફોર્સથી આવતુ નથી. જુના સેકટરો સહીતના આ વિસ્તારમાં હજુ બે થી ત્રણ દિવસમાં રાબેતા મુજબનો સપ્લાય આપી શકાશે તેમ પણ પાટનગર યોજના વિભાગ -૩ ના કાર્યપાલક ઈજનેરે જણાંવ્યુ છે.



## ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સભ્યોનું સન્માન

પંદરમી ઓગસ્ટ ના દિવસે યોજાયેલા જીલ્લા પંચાયત/મહાનગરપાલિકા ના ધ્વજવંદન પ્રસંગે માનનીય ધારાસભ્યશ્રી રીટાબેને ભાવનાબેન જોષીનું બેસ્ટ કૉઓર્ડિનેટર તરીકે, શહેર ભાજપ પ્રમુખ શ્રી રુચીરભાઈ ભટ્ટ દ્વારા આશાબેન મેહતાનું બેસ્ટ કોચ તરીકે તેમજ સચીનભાઈ પટેલનું બેસ્ટ ટ્રેઈનર તરીકે અભિવાદન અને સન્માન કરવામાં આવ્યુ. ૨૧જૂન આંતરરાષ્ટ્રીય યોગદિવસ નિમિત્તે મેયર હિતેષભાઈ મકવાણા ધ્વારા પીનલબેન, પ્રિયાબેન, હેતલબેન, નીતાબેન તેમજ શ્વેતાબેનને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વનબંધુ કલ્યાણ યોજનાની સમીક્ષા બેઠક યોજાઈ

**વનબંધુ કલ્યાણ યોજનાની સમીક્ષા અને ભાવિ આયોજન અંગેની મેરેથોન બેઠક યોજાઇ**

ગાંધીનગર. તા ૧૯

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિજાતિ વિસ્તારોના સર્વગ્રાહી અને સમાવેશી વિકાસ માટે ૨૦૦૭થી શરૂ કરેલી વનબંધુ કલ્યાણ યોજના-૧માં રૂ. ૧ લાખ કરોડના ખર્ચ સાથે કરાયેલા માળખાકીય અને સામાજિક-આર્થિક વિકાસના વિવિધ કામોને જ્વલંત સફળતા મળી છે.

આ સફળતાના પગલે રાજ્ય સરકારે વનબંધુ કલ્યાણ યોજના-૨ને વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ દરમિયાન વધુ રૂ.૧ લાખ કરોડના પ્રાવધાન સાથે અમલમાં મૂકી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત યોજના સાથે સંકળાયેલા રાજ્ય સરકારના ૧૨ જેટલા વિભાગોના વરિષ્ઠ સચિવો સાથે આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર અને રાજ્યમંત્રી શ્રી કુંવરજી હળપતિની ઉપસ્થિતિમાં શનિવારે સમગ્ર દિવસ દરમિયાન મેરેથોન બેઠકનો દોર યોજ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વનબંધુ કલ્યાણ યોજનાઓમાં જે ૧૦ મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, તે અંગે સંબંધિત વિભાગોએ વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩ સુધી કરેલી કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી હતી અને વર્ષ ૨૦૨૩-૨૪માં અત્યાર સુધી થયેલી કામગીરીની વિગતો મેળવી હતી અને ભવિષ્યના આયોજન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન પણ દિવસભર ચાલેલી આ સમીક્ષા બેઠકમાં જોડાયાં હતાં.

## આવતીકાલે અમરનાથ જલાભિષેક કાવડયાત્રા ગાંધીનગરથી પસાર થશે

**સતત ૯માં વર્ષે વિશ્વ કલ્યાણ સંસ્થાનું આયોજન : અમદાવાદના અમરાઈવાડીથી મહુડી રોડ પરના અમરનાથ સુધીની ૫૫ કિમીની કાવડયાત્રામાં ૪ હજારથી વધુ કાવડીયાઓ જોડાશે**

ગાંધીનગર, તા. ૧૯

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગુજરાતમાં હરિદ્વારની પ્રસિદ્ધ કાવડયાત્રાના જેમ જ એક ભવ્ય કાવડ યાત્રા સતત ૯ વર્ષથી યોજાઈ રહી છે. રાજ્યમાં નવમી શિવ આરાધનાના મહાપર્વ પવિત્ર શ્રાવણ માસના શુભ અવસરે, 'વિશ્વ કલ્યાણ સંસ્થા-અમરનાથ ધામ' તથા 'જય અંબે કાવડ પદયાત્રા સંઘ' દ્વારા નાગરવેલ હનુમાન મંદિર, અમરાઈવાડીથી તા. ૨૦ ઓગષ્ટ ૨૦૨૩, રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે શ્રી અમરનાથ જલાભિષેક કાવડ પદયાત્રાનો શુભ આરંભ કરવામાં આવશે. ૪ હજારથી વધુ શ્રદ્ધાળુઓ ગંગાજળ ભરેલા કાવડ લઈને તા. ૨૧ ઓગષ્ટ, ૨૦૨૩, શ્રાવણ માસના પ્રથમ સોમવારે ગાંધીનગર મહુડી હાઈવે પરના પવિત્ર અમરનાથ ધામ પહોંચશે.

પવિત્ર શ્રાવણ માસમાં તા. ૨૦ ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ નવમી શ્રી અમરનાથ જલાભિષેક કાવડ પદયાત્રાનો શુભ આરંભ નાગરવેલ હનુમાન મંદિર, અમરાઈવાડી, અમદાવાદથી શરૂ થશે. આ વર્ષે અંદાજે ૪ જેટલા શ્રદ્ધાળુઓ કાવડ પદયાત્રામાં જોડાશે. દરેક કાવડીયાઓ એકસરખા ભગવા વસ્ત્રો અંગિકાર કરીને ગંગાજળના કળશ ધારણ કરીને, ખુલ્લા પગે ૫૫ કિલોમીટરની પદયાત્રા કરીને ગાંધીનગર મહુડી હાઈવે પર આવેલ પવિત્ર અમરનાથ ધામ પહોંચશે.

### "મેરી માટી મેરા દેશ" કાર્યક્રમ અંતર્ગત

# ઝોન કક્ષાએ વિવિધ કાર્યક્રમો યોજાયા : ૧૧૦૦ વૃક્ષોનું વાવેતર

ગાંધીનગર. તા ૧૯

મેરી માટી મેરા દેશ અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં કાર્યક્રમો યોજાઇ રહ્યા છે જેના અનુસંધાને ગાંધીનગરમાં પણ ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાએ ઝોન કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આજરોજ ઝોન કક્ષાએ મુખ્ય ૪ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સેક્ટર–૧ તળાવ ખાતે, ખોરજ ગામ તળાવ ખાતે, પેથાપુર તળાવ ખાતે તેમજ સેક્ટર–૨૭ ગાર્ડન ખાતે ઝોન કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

તારીખ ૧૭, ૧૮ અને ૧૯ ઓગષ્ટ એમ ત્રણ દિવસ દરમિયાન તમામ વોર્ડમાં નાગરિકોને સાથે રાખીને શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યુ હતુ. શીલાફલકમ સામે ઉભા રહીને સૌએ પંચપ્રાણ કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રભાવનાની પ્રતિજ્ઞા લીધી હતી. આ ઉપરાંત કાર્યક્રમના સ્થળે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. જુદા જુદા ૧૧ વોર્ડમાં વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત કુલ ૧૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. વીરોને વંદન કાર્યક્રમ અંતર્ગત દરેક વોર્ડમાં પરંપરાગત રીતે શાલ તેમજ બૂકેથી વીરોનું સન્માન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકો દ્વારા કળશમાં માટી એકઠી કરવામાં આવી હતી અને દરેક સ્થળે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર


## જોઈએ છે

નીચે મુજબ મેન પાવર તથા સર્વિસ સંબંધિત પ્રોવાઈડર એજન્સીના સીલબંધ કવરમાંભાવો તા. ૨૭/૮/૨૦૨૩ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં મંગાવવામાં આવે છે.

૧. સિક્યુરીટી ગાર્ડ, લીફ્ટ મેઈન્ટેનન્સ, હાઉસ કીપિંગ

(નોંધ : ઉપરોક્ત દરેક કામની કેટેગરી મુજબ ફોર્મ અલગથી ભરવાના રહેશે. ફોર્મ ફી રૂ. ૫૦૦/- રહેશે.)

૨. ફાયર સેફ્ટી સંસાધનોની સર્વિસ, ઈલેક્ટ્રિક વર્ક, પ્લમ્બિંગ વર્ક

(નોંધ : ઉપરોક્ત કામમાં કોઈ ફોર્મ ફી રહેશે નહિ. ટેન્ડર ફોર્મ તથા શરતો રૂબરૂ ઓફીસેથી મેળવી લેવાના રહેશે.)

પ્રમુખશ્રી
એસપીએમ નગર
કુડાસણ - ૩૮૨૪૨૧, મો. : ૯૪૨૮૭ ૦૫૮૪૮

## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,
મો. 98797 97884


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com